**આંક:૬૪**

## માલપુરના મે.જ્યુડી.મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટમાં, મુ.માલપુર–અરવલ્લી

### ફોજદારી કેસ નં.૧૭૦/૨૦૨૧

(માલપુર પો.સ્ટે. એફ.આઈ.આર. પાર્ટ–એ–ગુ.ર.નં.૦૦૮/૨૦૨૧)

ફરીયાદી : શ્રી સરકાર
(વિ.એ.પી.પી.શ્રી આઈ.એચ.બલોચ)
વિરૂધ્ધ
આરોપી : ભાથીભાઈ શિવાભાઈ પગી, ઉ.વ.૪૭
રહે.પંચાલ ફળી, પીપરાણા, તા.માલપુર, જી.અરવલ્લી
(વિ.વ.શ્રી કે.બી.ભરવાડ)

**FORM-B**

| | |
|---|---|
| Date of Offence | 05.01.2021 |
| Date of FIR | 08.01.2021 |
| Date of Charge Sheet | 09.02.2021 |
| Date of Framing of Charge | 20.07.2021 |
| Date of Commencement of Evidence | 03.01.2023 |
| Date of which Judgment is reserved | 13.04.2026 |
| Date of Judgment | |
| Date of the Sentencing order, if any | Nil. |

**Accused Details**

| Rank of Accused | Name of Accused | Date of Arrest | Date of release on bail | Offence Charged with | Whether Acquitted or Convicted | Sentence imposed | Period of detention undergone during trial for purpose of Section 428, Cr.P.C. |
|---|---|---|---|---|---|---|---|
| 1 | Bhathibhai Shivabhai Pagi | 11.01.2021 | 11.01.2021 | 354, 354(A), 323, 506(2) of IPC | Acquitted | - | - |

**–: ઠરાવ :–**

૧.. ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીએ તા.૫/૧/૨૦૨૧ના રોજ કલાક. ૭/૩૦ વાગે મોજે અણીયોર કંપાની સીમમાં આવેલ ખેતરમાં આ કામના ફરિયાદી બહેન એકલા હોઈ તેમની એકલતાનો લાભ લઈ તેણીને કહેલ કે તુ મકાઈના ખેતરમાં મારી પાસે આવ, મારે તારી સાથે સંબંધ બાંધવો છે તેવી અઘટીત માંગણી કરતા ફરિયાદી બહેને ના પાડતાં તેઓને જાનથી મારી નાખવાની ધમકી આપી તેણીની આબરુ લેવાના ઈરાદે તેમનો હાથ પકડી મકાઈમાં ખેંચી જવા સારુ ખેચમતાણ કરી, ગડદાપાટુનો માર મારી, ડાબો હાથ મચકોડી અંદરની ઈજા કરી, આરોપીએ ઈ.પી.કો.ક.૩૫૪, ૩૫૪(એ), ૩૨૩, અને ૫૦૬(૨) મુજબનો ગુન્હો કર્યા બાબતની ફરીયાદ ફરીયાદી એ માલપુર પો.સ્ટેશને આપતાં પાર્ટ–એ–ગુ.ર.નં.૦૦૮/૨૦૨૧થી તા.૮/૧/૨૦૨૧ના રોજ નોંધવામાં આવેલ છે.

૨.. ત્યારબાદ આ કામના તપાસ કરનાર અમલદારે તપાસના અંતે અત્રેની કોર્ટમાં આ કામના આરોપી વિરૂધ્ધ ચાર્જશીટ કરેલ. આરોપી વિરુધ્ધ સમન્સ કરતા તેઓ અત્રે હાજર રહેલ છે અને આરોપીને પોલીસ પેપર્સની અને ચાર્જશીટની નકલો આપવામાં આવી ત્યારબાદ આંક:૪થી આરોપીઓ સામે ઈ.પી.કો.ક.૩૫૪, ૩૫૪(એ), ૩૨૩, અને ૫૦૬(૨)મુજબના ગુન્હા સબબ આંક:૪ થી તહોમતનામુ ઘડી વાંચી સંભળાવી, સમજાવી આંક:૫ થી નિવેદન લેતાં આરોપીએ તેમની સામેના ગુન્હાનો ઈન્કાર કરેલ છે. ત્યારબાદ ફરિયાદપક્ષનો પુરાવો લેવામાં આવેલ છે.

૩.. ફરીયાદ પક્ષે નીચે મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ થયેલ છે.

**<u>મૌખિક પુરાવો</u>**

| નં. | સાહેદનું નામ અને વિગત | આંક |
|---|---|---|
| PW-1 | ચંપાબેન જશવંતભાઈ પગી– ફરિયાદી | ૧૫ |

| | | |
|---|---|---|
| **PW-2** | જશવંતભાઈ બાબરભાઈ પગી– અન્ય સાહેદ | ૨૧ |
| **PW-3** | લાલાભાઈ રામાભાઈ પગી– અન્ય સાહેદ | ૨૨ |
| **PW-4** | રસિકભાઈ રેવાભાઈ પંચાલ– પંચસાહેદ | ૨૩ |
| **PW-5** | સોમાભાઈ ધનાભાઈ પગી– પંચસાહેદ | ૨૫ |
| **PW-6** | ડો.અંજના જશુભાઈ ડોડીયા– તબીબી સાહેદ | ૨૯ |
| **PW-7** | પો.ઈન્સ.કુલેન્દ્રકુમારી લાલસિંહ રાઠોડ– ત.ક.અમલદાર | ૩૨ |

**દસ્તાવેજી પુરાવો**

| **નં.** | **દસ્તાવેજની વિગત** | **આંક** |
|---|---|---|
| ૧ | બનાવની ફરિયાદ– **PW-1** | ૧૬ |
| ૨ | ભોગબનનારનું સી.આર.પી.સી.કલમ:૧૬૪(૫) મુજબનું નિવેદન– **PW-1** | ૧૭ |
| ૨ | ગુનાવાળી જગ્યાનું પંચનામું– **PW-4,5** | ૨૪ |
| ૩ | ભોગબનનારની મેડીકલ તપાસણી અંગેનું સર્ટીફીકેટ– **PW-6** | ૩૦ |
| ૪ | અસલ સુચિપત્ર– **PW-7** | ૩૩ |

ત્યારબાદ ફરીયાદ પક્ષનો પુરાવો બંધ કરવામાં આવેલ. આ કામે આરોપીનું ક્રિ.પ્રો.કોડ ની કલમ–૩૧૩ મુજબ વધારાનું નિવેદન લેવા માં આવેલ છે, જેમાં તેઓએ તેમની વિરૂધ્ધમાં પડેલ પુરાવાનો ઈન્કાર કરેલ છે અને તેઓ વિશેષમાં જણાવેલ છે કે ''અમારી ઉપર ખોટો કેસ કરેલ છે, અમો તદ્દન નિર્દોષ છીએ.'' ત્યારબાદ બંને પંક્ષકારોના વિ. વકીલશ્રીઓની દલીલો સાંભળવામાં આવી.

૪.. ફરિયાદપક્ષ તરફે વિ.વ.એ.પી.પી.શ્રી આઈ.એચ.બલોચની દલીલ છે કે આ કામે આરોપીઓ વિરુધ્ધ ઈ.પી.કો.ક.૩૫૪, ૩૫૪(એ), ૩૨૩, અને ૫૦૬(૨) મુજબના ગુન્હાનું તહોમતનામું આંક:૪થી ફરમાવવામાં આવેલ છે.

જે તહોમતનામા સબબ ફરિયાદપક્ષે આંક:૧૫થી ફરિયાદી : ચંપાબેન જશવંતભાઈ પગીને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેઓએ તેમના પુરાવામાં આંક:૧૬ની ફરિયાદ તથા આંક:૧૭ના કલમ : ૧૬૪(૫) મુજબના નિવેદનમાં લખાવેલ હકીકતને સમર્થનકારી પુરાવો આપેલ છે. તેમજ આજ હકીકત સાહેદ : જશવંતભાઈ બાબરભાઈ પગીનાઓએ તેમના આંક:૨૧ના પુરાવામાં જણાવેલ છે. સદર સાહેદોની બચાવપક્ષે ઉલટતપાસ કરવામાં આવેલ છે, પરંતુ ઉલટતપાસમાં પણ આરોપીને મદદરૂપ થાય તેવી કોઈ જ ફળદાયી હકીકત બહાર આવેલ નથી. જેથી સદર તમામ સાહેદોનો પુરાવો નહિ માનવાને કોઈ કારણ નથી. તેમજ ભોગબનનાર/ ફરિયાદીની મેડીકલ તપાસ કરનાર ડોકટરશ્રીએ પણ તેમના આંક:૨૯ના પુરાવામાં તેઓને બનાવ વખતે થયેલ ઈજાઓની હકીકત જણાવેલ છે, જેનાથી આંક:૩૦ના મેડીકલ સર્ટિફીકેટને સમર્થન મળે છે. વધુમાં આ કામે ત.ક.અમલદારશ્રીએ પણ તેમના આંક:૩૨ના પુરાવામાં ગુન્હાની તપાસ નિષ્પક્ષ રીતે કરેલ હોવાનું જણાય છે. તેવા સંજોગોમાં ફરિયાદપક્ષ આરોપીઓ સામેનો કેસ નિ:શંકપણે પુરવાર કરવામાં સફળ રહેલ છે, જેથી આરોપીઓને તકસીરવાર ઠરાવવા દલીલમાં જણાવેલ છે.

૫.. આરોપી તરફે વિ.વ.શ્રી કે.બી.ભરવાડની દલીલ છે કે, આ કામના આરોપી વિરુધ્ધ આંક:૪થી જે ગુન્હા સબબ તહોમતનામું ફરમાવેલ છે, તે ગુન્હાના આવશ્યક તત્વો ફરિયાદપક્ષ પુરાવાથી પુરવાર કરી શકેલ નથી. કારણ કે, ફરિયાદીએ તેઓના આંક:૧૫ના મૌખિક પુરાવામાં આંક:૧૬ની ફરિયાદ અને આંક:૧૭નામાં લખાવેલ હકીકતને સમર્થન કરેલ નથી અને તેઓ ફરી ગયેલા જાહેર થયેલા છે. તેમજ અન્ય સાહેદ : જશવંતભાઈ બાબરભાઈ પગીએ પણ તેમના આંક:૨૧ના પુરાવામાં બનાવ સમયે તેઓ સ્થળ ઉપર હાજર ન હોવા છતાં ફરિયાદપક્ષના કેસની હકીકતને સમર્થન આપવાનો પ્રયત્ન કરેલ છે, જેથી તેઓ રસ ધરાવતા સાહેદ હોવાનું માનવાને કારણ રહે છે. તેમજ ભોગબનનારની મેડીકલ તપાસણી કરનાર

ડોકટરશ્રીનો આંક:૨૯નો પુરાવો જોતાં ભોગબનનારે તેઓને હીસ્ટ્રીમાં ફકત મારામારી થયેલ હોવાની હકીકત જણાવેલ છે, પરંતુ આરોપીએ તેણીને ખેચમતાણ કરી તેની સાથે સંબંધ બાંધવાની માગણી કરેલ હોય તેવી કોઈ જ હકીકત જણાવેલ નથી. ફરિયાદપક્ષના કેસની હકીકતને સ્વતંત્ર સાહેદોના પુરાવાથી સમર્થન મળવું જરુરી છે. તેમજ ફરિયાદપક્ષના પુરાવા મુજબ બનાવવાળી જગ્યાની આજુબાજુ રહેતા માણસોના સ્વતંત્ર સાહેદો તરીકે કોઈ જ નિવેદન ત.ક.અમલદારશ્રી ધ્વારા લેવામાં આવેલ નથી કે તેઓને ચાર્જશીટમાં સાહેદ તરીકે દર્શાવેલ નથી, જે હકીકત ત.ક.અમલદારે તેમના આંક:૩૨ના પુરાવામાં સ્વીકૃત કરેલ છે. વધુમાં આ કામે રજુ થયેલ ગુનાવાળી જગ્યાના પંચનામાના પંચ સાહેદોએ પણ તેમની રૂબરૂમાં કોઈ જગ્યાનું પંચનામું કરવામાં આવેલ હોવાની હકીકતનો ઈનકાર કરેલ છે અને તેઓ તમામ પણ ફરી ગયેલા જાહેર થયેલા છે. આમ, ફરિયાદપક્ષ આરોપી સામેનો કેસ નિ:શંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ રહેલ હોઈ આરોપીઓને નિદોર્ષ ઠરાવી છોડી મૂકવા દલીલમાં જણાવેલ છે.

૬.. ઉપરોકત હકીકતે મારા નિર્ણય અર્થે નીચેના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**-: મુદ્દાઓ :-**

(૧) શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ તા.૫/૧/ ૨૦૨૧ના રોજ ક.૭/૩૦ વાગે મોજે અણીયોર કંપાની સીમમાં આવેલ ખેતરમાં આ કામના ફરિયાદી બહેન એકલા હોઈ તેમની એકલતાનો લાભ લઈ તેણીને કહેલ કે તુ મકાઈના ખેતરમાં મારી પાસે આવ, મારે તારી સાથે સંબંધ બાંધવો છે તેવી અઘટીત માંગણી કરતા ફરિયાદી બહેને ના પાડતાં તેઓને જાનથી મારી નાખવાની ધમકી આપી તેણીની આબરુ લેવાના ઈરાદે તેમનો હાથ પકડી મકાઈમાં ખેંચી જવા સારુ ખેચમતાણ કરી, ગડદાપાટુનો માર મારી, ડાબો હાથ મચકોડી અંદરની

ઈજા કરી, આરોપીએ ઈ.પી.કો.ક.૩૫૪, ૩૫૪(એ), ૩૨૩, અને ૫૦૬(૨) મુજબનો શિક્ષાપાત્ર ગુન્હો કરેલ છે ?

(૨) શું હુકમ ?

૬(૨)..ઉપરોકત મુદ્દાઓના મારા જવાબો નીચે મુજબ છે.

(૧) નકારમાં...

(૨) આખરી હુકમ મુજબ.

૭.. ઉપરોકત મુદ્દાઓના નિર્ણય માટેનાં કારણો નીચે મુજબ છે.

**-: કારણો :-**

**મુદ્દા નં.૧ :-**

૮.. આ કામે આરોપી સામે હાલનો કેસ ફોજદારી પ્રકારનો છે અને ફોજદારી ન્યાયશાસ્ત્રના સિધ્ધાંત અનુસાર આરોપી સામેનો કેસ ફરિયાદ પક્ષે નિ:શંકપણે પુરવાર કરવાનો હોય છે તથા હાલના ગુન્હામાં આરોપી વિરૂધ્ધની હકીકત નિ:શંકપણે સાબિત કરવા અંગેના પુરાવાનો બોજ ફરિયાદ પક્ષ પર રહેલો છે.

૯.. પ્રસ્તુત કેસમાં સૌ પ્રથમ ફરીયાદ પક્ષે લીધેલ પુરાવો તથા તેનું વિશ્લેષણ કરતાં પહેલાં આ કામના આરોપી સામે ઈ.પી.કો.ક. ૩૫૪(એ) અને ૫૦૬(૨) મુજબના જે ગુનાઓનો ફરીયાદ પક્ષે આરોપ મુકવામાં આવેલ છે તેની વ્યાખ્યા અને સજાની જોગવાઈ ધ્યાને લેવી જોઈએ.

**ઈ.પી.કો.ક.૩૫૪(એ) :- જાતીય સતમાણી અને જાતીય સતામણી માટે સજા..**

૧) શારીરિક સંપર્ક અને અણગમતી સ્પષ્ટ લૈંગિક ક્રિયાઓ સાથે સંકળાયેલી પ્રગતિ અથવા,

૨) જાતીય તરફેણ માટે માંગ અથવા વિનંતી અથવા

૩) સ્ત્રીની ઈચ્છા વિરુધ્ધ પોર્નોગ્રાફી બતાવવી અથવા

૪) જાતિ રંગીન ટીકા કરવી, તે જાતિય સતામણીના ગુના માટે દોષિત મનાશે.

**ઈ.પી.કો.ક.૫૦૪:–**

૧) આરોપીએ ઈરાદાપૂર્વક કોઈ વ્યકિતનું અપમાન કર્યુ,

૨) તેમ કરીને આરોપી તે વ્યકિતને ઉશ્કેરવા માગતી હતી,

૩) આરોપી જાણતો હતો કે તેમ થવાથી તે વ્યકિત જાહેર સુલેહશાંતિનો ભંગ કરશે અથવા ગુન્હો કરી બેસશે.

**ઈ.પી.કો.ક.૫૦૬(૨):–**

૧) આરોપીએ ફરિયાદીને તેના શરીર, મિલકત અને પ્રતિષ્ઠાને કે તે અન્ય વ્યકિતમાં હિત ધરાવતી હોય તેના શરીર અથવા પ્રતિષ્ઠાને હાનિ પહોંચાડવાની ધમકી આપી,

૨) આવી ધમકી ફરિયાદીને ભયભીત કરવાના ઈરાદાથી અથવા પોતે જે કરવા કાનૂનબધ્ધ ન હોય તેવું કૃત્ય કરે અથવા જે કરવાનો પોતાને કાનૂની અધિકાર હોય તેવું કૃત્ય ન કરે, તેવા ઈરાદાથી આપવામાં આવી હતી અથવા આવી ધમકી મૃત્યુ નિપજાવવાની કે મહાવ્યથા કરવાની કે કોઈ મિલકતનો આગથી નાશ કરવાની કે આજીવન કેદ અથવા સાત વર્ષ સુધીની કેદની સજાને પાત્ર ગુન્હો કરવા અંગેની હતી અથવા આવી ધમકી સ્ત્રી ઉપર ચારિત્રહીનતાનો આક્ષેપ કરવા અંગેની હતી.

૧૦.. સદરકામે ફરિયાદપક્ષે તપાસવામાં આવેલ સાહેદોનો પુરાવો જોવામાં આવે તો સૌપ્રથમ ફરિયાદી / ભોગબનનાર : ચંપાબેન જશવંતભાઈ પગીને આં ક:૧૫થી તપાસવામાં આવેલ છે. તેઓએ સોગંદ ઉપરની સરતપાસમાં જણાવેલ છે કે, બનાવ આશરે બે વર્ષ પહેલા સવારે સાતે વાગે રાજપુર ગામે આવેલ ખેતરમાં બનેલો અને બનાવના દિવસે તેઓ ખેતરમાં પાણી વાળવા માટે ગયેલ તે વખતે પાણીની પાઈપલાઈનનો એલબો તૂટી ગયેલો હોઈ તેઓ તેને સાંધતા હતા તે વખતે આરોપીએ ત્યાં આવી તેઓને માર મારેલો

અને તે વખતે તેમના જેઠ લાલાભાઈ રામાભાઈએ તેઓને બચાવેલ અને આરોપી તેણીને બે ત્રણ વર્ષથી ખોટી રીતે હેરાન કરતા હતા અને કહેતા હતા કે આરોપી તેણીને તેમની સાથે બોલવાનુ કહેતા હતા અને જો નહિ બોલ ે તો તને અને તારા ઘરવાળાને પતાવી દઈશું તેમ કહેતા હતા અને બનવામાં આરોપીએ તેણીને માર મારતા તેણીને માથાના પાછળના ભાગે તથા ઉપરના ભાગે ઈજાઓ થયેલી અને તેઓ બેભાન થઈ ગયેલા, આ સિવાય બનાવમાં બીજુ કંઈ બનેલ નથી અને સદર બનાવની તેઓએ ફરિયાદ આપેલી અને બનાવ સંબંધે તેઓએ મેજી.સાહેબ રૂબરૂ અદાલતમાં નિવેદન આપેલું . તેમ જણાવી આંક:૧૬ની ફરિયાદ તથા આંક:૧૭ ના સી.આર.પી.સી.કલમ–૧૬૪(૫) મુજબના નિવેદનમાં પોતાની સહી ઓળખી બતાવેલ છે.

સદર સાહેદને ફરિયાદપક્ષે ફરી ગયેલા જાહેર કરવામાં આવેલ છે. ત્યારબાદ વિ.એ.પી.પી.શ્રી તરફે લેવામાં આવેલ ઉલટતપાસમાં પણ તેઓએ આંક:૧૬ની ફરિયાદમાં લખાવેલ હકીકતનો ઈનકાર કરેલ છે. ત્યારબાદ બચાવપક્ષે લેવામાં આવેલ ઉલટતપાસમાં તેઓએ કબુલ કરેલ છે કે આરોપી તેમના જેઠ થાય છે અને છેલ્લા ત્રણ વર્ષથી તેઓને અને આરોપીને સંબંધો સારા નથી અને તેઓ એકબીજાને ત્યાં સારા નરસા પ્રસંગોએ અવરજવર બંધ છે, બનાવની ફરિયાદ બનાવના બે ત્રણ દિવસ બાદ આપેલી.

૧૧.. ફરિયાદપક્ષ તરફે આંક:૨૧થી સાહેદ : જશવંતભાઈ બાબરભાઈ પગીને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે કે જેઓ આ કામના ફરિયાદી/ ભોગબનનારના પતિ થાય છે. તેઓએ સોગંદ ઉપરની સરતપાસમાં જણાવેલ છે કે, બનાવ તા.૫/૧/૨૦૨૧ના રોજ સવારે ૭/૦૦ વાગયે રાજપુરવાળા ખેતરમાં બનેલો અને તે વખતે તેમના પત્ની ચંપાબેન (ફરિયાદી) ખેતરમાં ગયેલા અને તેણીએ ખેતરમાં જઈને જોયેલ તો પાણીના પાઈપનો એલબો તૂટી ગયેલો હતો, જેથી તેમના પત્ની મોટર બંધ કરી ઘરે આવેલ અને લાલાભાઈને એલબો તૂટી ગયો

હોવાથી રીપેર કરવા જણાવેલું. જેથી લાલાભાઈએ તેમના પત્નીને તમે આગળ ચાલો હુ આવું છું, જેથી તેમના પત્ની ખેતરે ગયેલ અને જયાં પાણીનો પાઈપ તુટી ગયેલ ત્યાં તેઓ ઉભા હતા ત્યારે આરોપી ભાથીભાઈ શીવાભાઈનાઓ મકાઈમાં સંતાયેલા અને બહાર નીકળી સાહેદના પત્નીને કહેલ કે, ''તારી જોડે મારે સંબંધ બાંધવાનો છે.'' જેથી તેમના પત્નીએ ના પાડતા આરોપીએ તેણી સાથે બળજબરી કરવાની કોશીશ કરેલી અને તેમની પત્નીનો હાથ પકડી પાડેલો અને ગડદપાટુનો માર મારેલ, ત્યારબાદ લાલાભાઈ રમણભાઈ પગીનાઓ આવી જતા આરોપી ત્યાંથી ભાગી ગયેલા.

આ સાહેદને ઉલટતપાસમાં પડકારવામાં આવતા તેઓએ કબુલ કરેલ છે કે બનાવ સમયે તેઓ ખેતરમાં મોટર ચાલુ મુકીને આવેલા અને બનાવ તેઓએ નજરે જોયેલ નથી, બનાવના બે ત્રણ દિવસ સુધી તેઓએ કોઈ ફરિયાદ આપેલ નથી.

૧૨.. ફરિયાદપક્ષ તરફે સાહેદ : લાલાભાઈ રામાભાઈ પગીને આંક:૨૨થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેઓએ સરતપાસમાં જણાવેલ છે કે, બનાવ સમયે તેઓ ખેતરમાં હતા અને પાણીનો એલબો તૂટી ગયેલ હોવાથી તે ફીટ કરવા માટે તેઓને ચંપાબેને બોલાવેલ, જેથી તેઓ પાણીનો એલબો ફીટ કરી પાછા ખેતરમાં જતા રહેલા, તે પછી શું બનેલ તેની તેઓને ખબર નથી.

સદર સાહેદને ફરિયાદપક્ષે ફરી ગયેલા જાહેર કરવામાં આવેલ છે. ત્યારબાદ વિ.એ.પી.પી.શ્રી તરફે લેવામાં આવેલ ઉલટતપાસમાં પણ તેઓએ પોલીસ રૂબરૂના નિવેદનમાં લખાવેલ હકીકતનો ઈનકાર કરેલ છે. ત્યારબાદ બચાવપક્ષી ઉલટતપાસમાં તેઓએ મુખ્યત્વે કબુલ કરેલ છે કે, તેઓને પાછળથી એવું જાણવા મળેલ કે ચંપાબેન પાણીનો એલબો ફીટ કરતા પડી ગયેલા અને પડી જવાથી તેમને ઈજાઓ થયેલી.

૧૩.. આમ, ફરિયાદપક્ષે તપાસવામાં આવેલ ઉપરોકત તમામ સાહેદોનો મૌખિક પુરાવો તથા રજૂ થયેલ દસ્તાવેજી પુરાવાનું પુરાવાકીય અવલોકન કરવામાં આવે તો ફરિયાદી/ ભોગબનનાર કે જેઓ મહત્વના સાહેદ છે તેઓએ તેમના આંક :૧૫ના પુરાવામાં બનાવ સમયે તેઓ ખેતરમાં પાણીનો એલબો ફીટ કરતા હતા ત્યારે આરોપીએ ત્યાં આવી તેઓને માર મારેલો અને તે વખતે તેમના જેઠ લાલાભાઈ રામાભાઈએ તેઓને બચાવેલ અને આરોપી તેણીને બે ત્રણ વર્ષથી ખોટી રીતે હેરાન કરતા હતા અને કહેતા હતા કે આરોપી તેણીને તેમની સાથે બોલવાનુ કહેતા હતા અને જો નહિ બોલે તો તને અને તારા ઘરવાળાને પતાવી દઈશું તેમ કહેતા હતા. જયારે આંક:૧૬ની ફરિયાદ લક્ષ્યમાં લેવામાં આવે તો તેમાં ભોગબનનારે જણાવેલ છે કે બનાવ વખતે તેઓ ખેતરમાં ઉભા હતા ત્યારે આરોપીએ તેણીને મકાઈના ખેતરમાં આવવા અને તેણી સાથે સંબંધ બાંધવા જણાવેલ અને નહિ આવે તો જાનથી મારી નાખવાની ધમકીઓ આપેલી અને ભોગબનનારે ઈનકાર કરતા આરોપીએ આબરુ લેવાના ઈરાદે તેણીનો હાથ પકડી તેણીને બાથમાં પકડી મકાઈમાં ખેચવા લાગેલા તેમ જણાવેલ છે. જયારે આંક:૧૭નું ભોગબનનારનું સી.આર.પી.સી.કલમ : ૧૬૪(૫) મુજબનું નિવેદન વંચાણે લેવામાં આવે તો તેમાં ભોગબનનારે જણાવેલ છે કે, તેઓ ખેતરમાં એલ્બા પાસે બેઠેલ હતા ત્યારે આરોપી તેમના ખેતરમાં મકાનમાં સંતાયેલ હતા અને તેણીને અહીયા આવ તેમ કહી બોલાવેલ અને નહિ આવે તો તને મારી નાખું તેવી ધમકી આપેલી, જેથી મકાનમાંથી નીકળી તેણી સાથે મારામારી કરેલી અને આરોપી તેણીને ખોટા સંબંધ બાંધવા અને ખોટુ કામ કરવા બોલાવતા હતા તેમ જણાવેલ છે. પરંતુ ઉપરોકત ફરિયાદ અને કલમ : ૧૬૪ મુજબના નિવેદનમાં લખાવેલ કોઈ જ હકીકત તેઓએ તેમના પુરાવામાં જણાવેલ નથી, માત્ર આરોપીએ તેઓ સાથે મારા મારી કરેલાની હકીકત

જણાવેલ છે. આમ, ભોગબનનારનાર આંક:૧૫ના પુરાવામાં તથા આંક:૧૬ની ફરિયાદ તથા આંક:૧૭ના કલમ : ૧૬૪(૫) મુજબના નિવેદનમાં લખાવેલ બનાવની મહત્વની હકીકત બાબતે ખૂબ જ વિરોધાભાસી હકીકત જણાઈ આવે છે. તેમજ સાહેદ : જશવંતભાઈ બાબરભાઈ પગીનો આંક:૨૧નો પુરાવો જોતાં તેઓએ તેમના પુરાવામાં ફરિયાદપક્ષના કેસને સમર્થન આપવા પ્રયત્ન કરેલ છે, પરંતુ ઉલટતપાસમાં તેઓએ બનાવ નજરે જોયેલ ન હોવાનું કબુલ કરેલ છે. જેથી તેઓ આ કામના ફરિયાદી/ ભોગબનનારના પતિ થાય છે અને તેઓને ફરિયાદી ધ્વારા જાણવા મળેલ બનાવની હકીકતો તેમના પુરાવામાં જણાવેલ છે, ત્યારે તેઓ રસધરાવતા સાહેદ હોવાનું માનવાને સ્પષ્ટ કારણ રહે છે. તેમજ સાહેદ : લાલાભાઈ રામાભાઈ પગીએ તેમના આંક:૨૨ના પુરાવામાં બનાવ સમયે તેઓ ખેતરમાં એલબો ફીટ કરી જતા રહેલ હોઈ, પછી શું બનેલ તેની તેઓને ખબર નથી તેમ જણાવેલ છે અને તેઓ પણ ફરી ગયેલા જાહેર થયેલા છે. તેમજ ઉલટતપાસમાં પણ સ્પષ્ટપણે કબુલ કરેલ છે કે, ચંપાબેન પાણીનો એલબો ફીટ કરતા પડી જવાના કારણે ઈજાઓ થયેલ હોવાની હકીકત તેઓને પાછળથી જાણવા મળેલ છે. આમ, સદર સાહેદ કે જેઓ ફરિયાદપક્ષના કેસ મુજબ બનાવ સમયે સ્થળ ઉપર હાજર હતા તેમના પુરાવાથી પણ આરોપીની કહેવાતા ગુન્હામાં સંડોવણી હોવાની હકીકતને સમર્થન મળતું નથી.

૧૪.. સદર કામે રજૂ થયેલ મેડીકલ પુરાવો જોવામાં આવે તો ડો.અંજના જશુભાઈ ડોડીયાએ તેમના આંક:૨૯ના પુરાવામાં જણાવેલ છે કે, તા.૫/૧/૨૦૨૧ના રોજ તેઓ વાત્રક જનરલ હોસ્પિટલ મુકામે તેમની ફરજ ઉપર હાજર હતા તે દરમિયાન તેઓએ આ કામે ભોગબનનાર/ફરિયાદીની સારવાર કરેલી અને તેણીએ જણાવેલ હીસ્ટ્રી મુજબ પોતાના પીપરાણા મુકામે આવેલ ખેતરમાં મારા મારી થયેલી અને સાહેદે દર્દીને તપાસતા તેણીને ડાબા ખભા તેમજ

માથાના ભાગે દુખાવો થતો હતો અને તેણીને ત્રણથી ચાર વખત વામીટીંગ થયેલ અને દર્દીનો એકસરે અને સીટીસ્કેન કરાવતા તેના રીપોર્ટ નોર્મલ હતા, દર્દીને થયેલ ઈજાઓ સાદા પ્રકારની હતી. તેમ જણાવી આં ક:૩૦ના સર્ટીફીકેટમાં પોતાની સહી ઓળખી બતાવેલ છે.

આ સાહેદને ઉલટતપાસમાં પડકારવામાં આવતા મુખ્યત્વે કબુલ કરેલ છે કે, દર્દીને ખભા અને માથાનો દુખાવો તેઓના કહેવાથી તેમને ખબર પડેલી, આ દુખાવો કાલ્પનિક દુખાવો હોઈ શકે અને તેના કારણો ઘણા હોઈ શકે, ગેસ અને અપચો જેવા લક્ષણોના કારણે પણ વામીટીંગ હોઈ શકે, દર્દીએ આપેલ હીસ્ટ્રીમાં કોણે શું મારેલું તેવી કો જ હકીકત જણાવેલ નથી.

આમ, સદર ડોકટરશ્રીનો સમગ્ર પુરાવો ધ્યાને લેતાં ભોગનનારે તેઓ રૂબરૂની હીસ્ટ્રીમાં ફકત મારામારી કરેલાની હકીકત જ જણાવેલ છે, જયારે આ કામના આરોપીએ તેણી સાથે સંબંધ બાંધવાની અઘટીત માગણી કરેલી હોય અને ભોગબનનારે તેનો ઈનકાર કરતા આરોપીએ તેણીનો હાથ પકડી અને બાથમાં લઈ મકાઈના ખેતરમાં લઈ ગયેલ હોય અને ત્યાં જપાજપી કરી ભોગબનનારને ગડદાપાટુનો માર મારી ઈજા કરેલ હોય તેવી નામજોગ કોઈ જ હકીકત હીસ્ટ્રીમાં જણાવેલ નથી. જેથી સદર મેડીકલ વિટનેસના પુરાવાના આધારે પણ આરોપીને ગુન્હામાં સંડોવણી હોવા અંગેની કોઈ જ હકીકત ફલિત થતી નથી.

૧૫.. વધુમાં આ કામે ગુન્હાની તપાસ કરનાર અમલદાર સાહેદ :કુલેન્દ્રકુમારી લાલ સિંહ રાઠોડનો આંક:૩૨નો મૌખિક પુરાવો જોતાં તેઓએ તેમની જુબાનીમાં આ કામે કરેલ ગુન્હાની તપાસ, સાહેદોના લીધેલ નિવેદનો, પંચનામાની હકીકતો બયાન કરેલ છે. પરંતુ ઉલટતપાસમાં તેઓએ સ્પષ્ટપણે કબુલ કરેલ છે કે, ફરિયાદ બનાવના ચાર દિવસ બાદ આપેલી અને ફરિયાદીને સારવાર માટે પો.સ્ટે.થી કોઈ યાદી આપેલ હોય તેવું બનેલ નથી, ફરિયાદીએ તેઓની

ફરિયાદમાં એવી કોઈ હકીકત લખાવેલ નથી કે ભાથીભાઈ શિવાભાઈ આવીને તેઓને માર મારતા હતા અને તે વખતે તેમના જેઠ લાલાભાઈ રામાભાઈએ તેઓને બચાવેલ, આરોપી તેણીને બે ત્રણ વર્ષથી ખોટી રીતે હેરાન કરે છે જે તેઓને સંબંધ નથી, આરોપી તેણીને ખોટી રીતે હેરાન કરતા હતા, બનાવ જે ખેતરમાં બનેલ તે ખેતર માલિકનું તેઓએ તપાસના કામે કોઈ નિવેદન લીધેલ નથી. આમ, સદર ત.ક.અમલદારના મૌખિક પુરાવાથી પણ બનાવ સમયે આરોપીએ ફરિયાદી/ ભોગબનનારને માર મારેલ હોવાની હકીકતને સમર્થન મળતું નથી. તેમજ કહેવાતો બનાવ જયારે સવારના ૭/૩૦ કલાકે ગામમાં આવેલ ખેતરમાં બનેલ છે અને ત્યાં આજુબાજુ રહેણાંકના મકાનો આવેલ હોવા છતાં ત્યાં રહેતા કોઈ માણસોને સ્વતંત્ર સાહેદ તરીકે તપાસેલ નથી કે તેમના કોઈ નિવેદન લીધેલ નથી કે જેમના પુરાવાના આધારે આરોપીને ગુન્હામાં તકસીરવાર ઠરાવી શકાય. તેમજ આ કામે આંક:૨૪ના ગુનાવાળી જગ્યાના પંચનામાના પંચસાહેદોએ પણ તેમના પુરાવામાં પંચનામાને સમર્થન કરેલ નથી અને તેઓ ફરી ગયેલા જાહેર થયેલા છે.

૧૬.. આમ,પ્રસ્તુત કેસમાં ઉપરોકત કેસની એકંદર હકીકતો તથા સંજોગો ફરીયાદ પક્ષે રજુ કરેલ પુરાવા અને બંને પક્ષોના વિ. વકીલશ્રીઓની દલીલો તેમજ ઉપરોકત કરેલ ચર્ચા તથા આપેલ કારણો લક્ષમાં લેતાં તેમજ ભારતીય દંડ સંહીતાની કલમ : ૩૫૪, ૩૫૪(એ) ,૩૨૩, અને ૫૦૬(૨) મુજબની કાયદાકીય જોગવાઈઓ અને તેનું પરિપ્રેક્ષ્ય લક્ષમાં રાખતાં, આ કામે ફરીયાદપક્ષ આરોપીસામેના આક્ષેપો અને આક્ષેપાયેલ ગુન્હાના આવશ્યક તત્વો નિ:શંકપણે પુરવાર કરી શકેલ ન હોઈ કરી શકેલ નથી,જેથી, મુદ્દા નં.૧ નો જવાબ ''**નકારમાં**'' આપી મુદ્દા નં.૨ હેઠળ ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**<u>:: આ ખ રી હુ ક મ ::</u>**

૧.. આ કામના આરોપી : **ભાથીભાઈ શિવાભાઈ પગી**, રહે.પંચાલ ફળી, પીપરાણા, તા.માલપુર, જી.અરવલ્લીનાઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ : ૨૪૮(૧) અન્વયે, ભારતીય દંડ સંહિતાની કલમ : ૩૫૪, ૩૫૪(એ), ૩૨૩, અને ૫૦૬(૨) મુજબના ગુન્હામાંથી પુરાવાના અભાવે નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

૨.. આરોપીએ સી.આર.પી.સી.કલમ-૪૩૭(એ)ની જોગવાઈ અનુસાર આ હુકમ સામે ઉચ્ચ અદાલત માં અપીલ કે, પીટીશન થયેથી, જે-તે અદાલત સમક્ષ હાજર રહેવા માટે આરોપીના અગાઉ આપેલ જામીન અપીલ સમય સુધી લંબાવવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ તારીખ : **૧૩મી**, માહે **:એપ્રિલ** સને : **૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી - સંભળાવી, જાહેર કર્યો.

**તા ૧૩/૦૪/૨૦૨૬**
**માલપુર.**

**(પૂજા સુરાણા)**
**જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ**
**માલપુર.( યુ.આઈ.સી.નં.૦૧૪૨૮)**